અપીલ અરજી નં.૪૧૯ તા.૨૫–૩–૦૯

અરજદારઃ શ્રી જયપ્રકાશ ગુપ્તા
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

## ફરિયાદ હકીકતઃ–

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી જયપ્રકાશ ગુપ્તાની તા.૫–૨–૦૯ની અરજીથી ઉધના ગુરુધ્વારાની પાસે મનભાવન સ્વીટ હાઉસ તથા રાજેશ ફનીચરની કોપોરેશન ધ્વારા બાંધકામ પરવાનગી, રજાચિઠ્ઠી તથા મંજુર પ્લાનની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૫–૧૦–'૦૯ ની અપીલ અરજી નં.૪૧૯/૨૦૦૮–૦૯

શ્રી જયપ્રકાશ ગુપ્તાની તા.૫–૨–૦૯ની અરજીથી ઉધના ગુરુધ્વારાની પાસે મનભાવન સ્વીટ હાઉસ તથા રાજેશ ફર્નીચરની કોપોરેશન ધ્વારા બાંધકામ પરવાનગી, રજાચિઠ્ઠી તથા મંજુર પ્લાનની માહિતી આપવા બાબતેનિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૩–૦૯ ના રોજ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ નીચેસહી કરનારનેપહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ /૧૯ તા.૬–૪–૦૯ થી કાયપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ જે ખનુસંધાને તેઓ તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૩૩૫ તા.૧૬–૪–૦૯થી અત્રેની કચેરીને પૂરક માહિતી પુરી પાડવામાં આવેલ.

અરજદારની મુળ અરજીમાં ઉધના ગુરુધ્વારાની પાસે મનભાવન સ્વીટ હાઉસ તથા રાજેશ ફનીચરની કોપોરેશન ધ્વારા બાંધકામ પરવાનગી, રજાચિઠ્ઠી તથા મંજુર પ્લાનની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૭૭૪૦ તા.૨૧–૧–૦૯થી માહિતી પુરી પાડવામાં આવેલ જણાય છે. જેમા જણાવ્યા મુજબ માંગેલ માહિતી અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ જાહેર માહિતી અધિકારની વ્યાખ્યા અને જાહેર માહિતી અધિકારી પાસે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૫–૨–૦૯ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પડાયેલ હોઈ અપીલ સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે તેમ છતાં સદર પત્રની નકલ દિન–માં પુનઃ અરજદારને મોકલી આપવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૯.

*ડે.કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ઉધનાઝોન..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી જયપ્રકાશ ગુપ્તા